## વિષયકોડ – BGS-1 (વર્ણનાત્મક)

# પેપર-1 : ગુજરાતી (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)

કુલ ગુણ : 150 માધ્યમ : ગુજરાતી સમય : 3 કલાક

સૂચના : જમણી તરફ પ્રશ્નના ગુણ દર્શાવેલ છે.

પ્ર.-1. નીચે આપેલ પાંચ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા 250 અને વધુમાં વધુ 300 શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20

1.1 ભારતનું સાંસ્કૃતિક ભવિષ્ય

1.2 આજની વૈશ્વિક યુવા પેઢી સામે ઊભા થયેલા પડકારો

1.3 ભારતના આર્થિક વિકાસમાં યોગદાન આપનારાં વેપાર-વાણિજ્યનાં મહત્ત્વનાં ક્ષેત્રો

1.4 માહિતી વિસ્ફોટ – વરદાન કે અભિશાપ ?

1.5 ગુજરાતની અસ્મિતા – મારી સમજ

પ્ર.-2. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ બે વિધાનોનો આશરે 100 થી 150 શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (05 ગુણ × 02 વિધાનો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

2.1 સાચું જ્ઞાન વિચારવાથી નથી મળતું. તમે જે છો તે એ છે; એ તે છે, જે તમે બનો છો.

– શ્રી અરવિંદ અને શ્રી માતાજી

2.2 કોઈ માટે, કદી કશું પણ ન બની શકતા મનુષ્યની, આ સ્થિતિ જ સૌથી મોટી માંદગી છે.

– મધર ટેરેસા

2.3 સૌંદર્યને ચાહવું એ જ દીપ્તિનો સાક્ષાત્કાર છે.

– વિક્ટર હ્યુગો

પ્ર.-3. નીચે આપેલ ગદ્યખંડનો (451 શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ 1/3 ભાગમાં (150 શબ્દોમાં) સંક્ષેપ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

સંસારને વટવૃક્ષ સાથે સરખાવ્યો છે. સકામ કર્મોમાં તન્મય રહેતો મનુષ્ય આ સંસારવૃક્ષની એક ડાળી પરથી બીજી પર, બીજી પરથી ત્રીજી પર એમ અંત વિના ભટક્યા કરે છે. આ સંસારવૃક્ષના વિસ્તારને કોઈ છેડો નથી, અને આ વૃક્ષને ચોંટી રહેલા મનુષ્ય માટે મુક્તિની કોઈ શક્યતા નથી. વેદસૂક્તો આ વૃક્ષનાં પાંદડાં છે. આ વૃક્ષનાં મૂળ વિશ્વના સૌથી ઊંચા બ્રહ્મલોકથી શરૂ થાય છે. જો મનુષ્ય આ અવિનાશી માયાવૃક્ષને બરોબર પિછાણે તો જ તે તેનાથી છુટકારો મેળવી શકે.

આ છુટકારાની પ્રક્રિયા સમજવી જોઈએ... ભૌતિક પ્રવૃત્તિઓ વિશે અનાસક્તિ અને ભગવદ્ ભક્તિ વિશે આસક્તિ એ ભક્તિનો પાયાનો સિધ્ધાંત છે. આ અધ્યાયની શરૂમાં જ સંસાર પ્રત્યેની આસક્તિને વછોડી નાખવા કહ્યું છે. આ ભૌતિક અસ્તિત્વનું મૂળ નંખાય છે ઊંચે, એટલે કે વિશ્વના સર્વઃશ્રેષ્ઠ બ્રહ્મલોકમાં મહત્તત્ત્વમાંથી ભૌતિક જીવન શરૂ થાય છે. ત્યાંથી આ દશ્યસૃષ્ટિનો વિસ્તાર થાય છે. વૃક્ષની અસંખ્ય શાખાઓ એ વિવિધ લોક છે અને તેનાં ફળ એ જીવોના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનાં પરિણામ છે.

હવે, ઊંચે મૂળ અને નીચે શાખાઓ એવા વૃક્ષનો કોઈને લૌકિક અનુભવ નથી, પણ આવી વસ્તુ છે ખરી. આવું વૃક્ષ જળાશય પાસે જડે છે. જળાશયના કિનારા પરનાં વૃક્ષોનાં પ્રતિબિંબ પાણીમાં પડે છે ત્યારે તેમની

upsc2ias.com

Downloaded from upsc2ias.com

શાખાઓ ઊંચે અને મૂળ નીચે ભાસે છે. શબ્દફેરે કહીએ તો, આ સંસારવૃક્ષ એ કેવળ આધ્યાત્મિક જગતરૂપી વાસ્તવિક વૃક્ષનું પ્રતિબિંબ છે. જેમ વૃક્ષનું પ્રતિબિંબ પાણી પર આધારિત છે તેવી રીતે આધ્યાત્મિક જગતનું પ્રતિબિંબ ઈચ્છા પર આધારિત છે. પ્રતિબિંબિત ભૌતિક પ્રકાશમાં રહેલી બધી જડચેતન વસ્તુઓની હસ્તીનું કારણ ઈચ્છા છે. ભૌતિક અસ્તિત્વમાંથી છૂટવા માગતા મનુષ્યે આ વૃક્ષને ઝીણવટભર્યા અભ્યાસથી પૂરેપૂરું પિછાણવું જોઈએ. તે પછી જ તે એનો છેડો ફાડી શકશે.

આ સંસારવૃક્ષ વાસ્તવિક વૃક્ષનું પ્રતિબિંબ છે, તેથી તે એની આબેહૂબ પ્રતિકૃતિ છે. અહીં છે તે બધું જ આધ્યાત્મિક જગતમાં છે. નિર્વિશેષવાદીઓ બ્રહ્માને સંસારવૃક્ષનું મૂળ માને છે અને સાંખ્યમત પ્રમાણે એ મૂળમાંથી અનુક્રમે પ્રકૃતિ અને પુરુષ, પંચમહાભૂતો, દશ ઈન્દ્રિયો, મન વગેરેનો પ્રાદુર્ભાવ થાય છે. આ પ્રમાણે સાંખ્યો ભૌતિક જગતનું ચોવીસ તત્ત્વોમાં વિભાગીકરણ કરે છે. જો બ્રહ્માને જડચેતન સૃષ્ટિના મૂળ તરીકે ગણીએ તો અખિલ બ્રહ્માંડના અર્ધા ભાગમાં ભૌતિક જગત અને બીજા ગોળાર્ધમાં આધ્યાત્મિક જગત છે. ભૌતિક જગત આધ્યાત્મિક જગતનું વિકૃત પ્રતિબિંબ છે. તેથી આધ્યાત્મિક જગતમાં પણ ભૌતિક જગતના જેવું વિવિધરંગીપણું હોવું જોઈએ. પ્રકૃતિ ઈશ્વરની બહિરંગ (માયા) શક્તિ છે અને પુરુષ સ્વયં ઈશ્વર છે... દૃશ્યસૃષ્ટિનો બધો વિસ્તાર ભૌતિક છે, તેથી તે ક્ષણિક છે. પ્રતિબિંબ ક્ષણિક હોય છે, કેમ કે તે કેટલીક વાર દેખાય છે તો કેટલીક વાર દેખાતું નથી. પણ પ્રતિબિંબનો ઊગમ (ઈશ્વર) શાશ્વત છે. વાસ્તવિક વૃક્ષના ભૌતિક પ્રતિબિંબ જોડેનો સંબંધ તોડી નાખવાનો છે. જ્યારે કોઈ મનુષ્યને વેદોનો જાણકાર કહે છે ત્યારે એ અભિપ્રેત છે કે સંસાર વિશેની આસક્તિને વછોડતાં તેને આવડે છે. આ જાણનાર જ સાચો વેદવેત્તા છે. પણ જે કેવળ વેદોમાં કહેલા કર્મકાંડને વળગી રહે છે તે આ સંસારવૃક્ષનાં લીલાં પાંદડાંમાં પ્રીતિબધ્ધ રહે છે. તે વેદોનો ઉદ્દેશ જાણતો નથી. વેદોનો ઉદ્દેશ આ પ્રતિબિંબિત ભૌતિક વૃક્ષને નિર્મૂળ કરી આધ્યાત્મિક જગતના વાસ્તવિક વૃક્ષને પામવાનો છે.

— અનુ. મગનલાલ પ્રજાપતિ

પ્ર.-4. નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (5 પ્રશ્નો × 2 ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

## ઈતરા

આ કાંટાળી કેડી પર ચાલીએ તો કાંટા ભોંકાઈ જવાના અને વેદના થવાની, આ બળબળતી રેતીમાં પગ મૂકીએ તો એ દાઝવાના, પેલા અંગારાને હથેલીમાં લઈએ તો ફોલ્લો પડવાનો ને આમ જો તર્ક આગળ ચાલે, કોઈ અવરોધ વિના, તો એવું તારણ નીકળે કે આ-ને પ્રેમ કર્યો એટલે આવું થવાનું જ, પણ તર્કની ખીંટીનો આધાર અહીંલેવાય નહિ. અહીં તો આમ જ, સહજ ભાવે બધું ફગાવી દેવાનું, વારી જવાનું, ન્યોચ્છાવર કરી દેવાનું. પૂછવાનું નહિ શું. આ તો ફૂલ પર ઝાકળ બનીને સરવાની વાત હતી, ક્યાંક વરસી પડવાની વાત હતી. તું દસ વર્ષ વહેલી મળી હોત તો આવું ન થાત. તારા આવ્યા પહેલાંનો આ સંબંધ...ઘૂઘવતા કાળનાં દસ વર્ષ ઓળંગીને સામે કિનારે ઊભેલા મુકુંદનો હાથ કોઈ પકડે તે પહેલાં પકડી લેવાનું હવે શી રીતે બને ? રેતીના ઘરને પણ પગની ઠેસ ન લાગે એની કાળજી રાખીને એ ચાલે છે તો બીજું કંઈ ચણેલું વધારે નક્કર અને વ્યવસ્થિત, એને તે શી રીતે તોડાય ? હવે તો આમ જ, આ રસ્તે જ ચાલ્યા કરવાનું. અજાણ્યા બનવાનું, સમજદાર થવાનું. મર્યાદા, વાસ્તવિકતા, લાચારી, ડહાપણ બધાંનો ભાર ખભે નાખીને ચાલ્યા કરવાનું ને આમ જ આ ટૂંકા દિવસની સાંજ પડી જવાની, પણ વિસામો આવવાનો નહિ.

એક સુંદર માર્ગ, વૃક્ષછાયો, ઝળૂંબી રહેલી પુષ્પખચિત ડાળીઓ પર પંખીનાં ગીત. વેરાયેલાં પુષ્પોથી માર્ગ પણ રંગીન અને કોમળ, કોમળ. ઉપર આસમાની રંગ. મોજથી ચાલ્યા કરવાનું. શરત એટલી કે આગળપાછળ જોવાનું નહિ. આગળ જોવાનું નહિ કારણ આગળ કશું આવે નહિ, પાછળ જોવાનું નહિ કારણ પાછળ કશું દેખાય નહિ. વિસામો, પડાવ, આરામ એવું કંઈ નહિ. ચાર દીવાલવાળું કોઈ સ્થાન નહિ. વિરામની વાત નહિ. આ મુસાફરીમાં એની જરૂર કોઈએ સ્વીકારી જ નથી. આમાં તો માત્ર ચાલવાનો જ

upsc2ias.com

Downloaded from upsc2ias.com

આનંદ. થાક લાગે ત્યારે એવી ઈચ્છા થાય કોઈ વાર કે ચણેલી દીવાલોની હૂંફ મળે તો સારું લાગે. કોઈ વૃક્ષ નીચે થોભવું હોય તો થોભી શકાય પણ એમાં હૂંફ ન મળે. રાતદિવસ ખુલ્લામાં ચાલ્યા કરવાથી મન તલસ્યા કરે પેલી હૂંફ માટે. ઘરની હૂંફ. ત્યાં અથડાટ ભૂલીને નિરાંતે બેસાય, બારણું બંધ કરી બહારની દુનિયાને બહાર રાખી શકાય. કોઈ ખલેલ વિના અલસ ગતિએ ક્ષણો સરતી જાય. એવું અહીં બને તેમ નથી. માર્ગ અલબત્ત સુંદર છે પણ અહીં ઠરવાનું નથી. એકાદ-બે પળ વિસામો લીધો પછી પાછું ચાલવાનું જ છે. વધારે થોભાય એવું કોઈ સ્થાન અહીં આવતું નથી. જોકે આ વિચાર આ માર્ગ ભણી આવતાં પહેલાં કરવો જોઈતો હતો. હવે અહીથી પાછા જવું કેવી રીતે અને ક્યાં ?

તાળીઓના ગડગડાટથી એની તંદ્રા તૂટી. કોણ શું બોલ્યું એની ખબર પડી નહિ. મુકુંદ પૂછે કે પેલાએ મારે માટે શું કહ્યું તો એનાથી જવાબ ન અપાય. એણે કશું સાંભળ્યું જ નહોતું. ન આવી હોત તો સારું થાત એમ લાગ્યું એમાં પાછું મુકુંદને ખરાબ લાગે, જે પરિસ્થિતિ સમજી-વિચારીને સ્વીકારી એમાં ફરિયાદ નહિ કરવાની. મેં તને છેતરી છે ? કંઈ સંતાડ્યું છે તારાથી ? એમ તો કશું થાય નહિ. આમાં તો અસામાન્ય બની જવાનું. સામાન્ય સ્ત્રીઓ જેવી સામાન્ય ઈચ્છા એને હોવી જ ન જોઈએ. આસપાસ જોયું. કેટલીક આંખો બહુ વિચિત્ર રીતે એની સામે તાકી રહી હતી. એ જરા સંકોચાઈ ગઈ. થોડી મૂંઝવણ થઈ આવી. પછી ડોક ટટાર કરીને એણે મુકુંદ સામે જોયું. મંદાબહેનની બાજુમાં બેઠેલો મુકુંદ સાવ અજાણ્યો હોય એવું લાગતું હતું. સાક્ષીભાવે એ બધું જોઈ રહી. જલદી પતે તો સારું હવે.

ગણગણાટથી હૉલ ઊભરાઈ ગયો એટલે હાશ અનુભવતી એ ખૂણામાં ઊભી રહી. પરિચિત ચહેરાઓ એકમેક સામે મલકાતા હતા, ક્યાંક હાથ ઊંચા થતા હતા, નમસ્કારની મુદ્રામાં જોડાતા હતા, ઓળખાણ તાજી થતી હતી. એને ખબર હતી કે આવા કોઈ સમારંભ પછી મુકુંદને મળ્યા વગર ચાલી જવાથી એને ખોટું લાગવાનું. બીજું તો કંઈ નહિ, સહેજ હસીને હું જાઉં છું એમ કહેવું જ પડે. મિત્રો-સંબંધીઓના ટોળાને વીંધીને આવતા મુકુંદને ખાસ્સી વાર લાગી. મુકુંદને આપેલો લાલ ગુલાબનો ગુચ્છ મંદાબહેનના હાથમાં હતો. મુકુંદ નજીક આવ્યો. કેવી રીતે આવી છે તું... જતી રહેતી નહિ. તને કોઈ મૂકી જશે. અથવા તું થોભ, હમણાં મંદાને મૂકીને આવું છું. ના, ના, એ ઉતાવળથી બોલી. મારે ક્યાં દૂર જવાનું છે. રિક્ષા મળી જશે અથવા ચાલી નાખીશ. તમે જાવ. આમ પણ મોડું થયું છે. એનો અવાજ અકારણ ધારદાર બની ગયો. વાગે એવો. કેમ તે તો સમજાયું નહિ. કદાચ મંદાબહેનનું સ્મિત એનું કારણ હોઈ શકે. પાછળ પડી છે તું મુકુંદની, પણ મારા કિલ્લામાંથી છટકવું સહેલું નથી. એને પૂરી રાખીશ. તારે તો બહાર જ ઊભા રહેવું પડશે. અને બહાર મોકલીશ તોપણ દોરી બાંધીને, દોરી ખેંચાશે કે પાછો અંદર. મંદાબહેન ફરી મરક્યાં અને અધિકારથી મુકુંદના સ્કૂટર પર ગોઠવાયાં. આવો મિસિસ સાથે કોઈ વાર. આપણો બંગલો છે ઉભરાટમાં. બધી સગવડ છે. કોઈ લળીલળીને મુકુંદને કહેતું હતું. જરૂર આવીશું. ના, એકલો નહિ—અમે બંને. એમને એવું ને કે કામ બહુ ને સમય મળે નહિ. એ તો વખત કાઢવો પડે. આ વખતે જરૂર નિરાંતે આવીશું. બસ ત્યારે, નીકળીએ. સ્કૂટરે ગતિ પકડી ત્યારે મુકુંદે ખરેખર પાછળ જોયું કે એને એવું લાગ્યું ? મંદાબહેન એની સામે હસ્યાં એમાં ડંખ હતો કે વિજયનો એક ક્રૂર વિકૃત આનંદ ? ધીમે ધીમે એણે એના રસ્તા તરફ ચાલવા માંડ્યું. ખાસ કશો વિચાર આવતો નહોતો. કંઈ અસાધારણ બન્યુંય નહોતું. આવું તો બને જ છે કેટલાં વર્ષોથી છતાં કશી બળતરા થતી હતી. નીચી નજર રાખી એણે ઝડપ વધારી. મુકુંદ ઘેર પહોંચી ગયો હશે. મંદાબહેને પર્સમાંથી ચાવી કાઢી બારણું ખોલ્યું હશે. સમીર એના રૂમમાં હશે. એને તકલીફ ન પડે માટે આમ બહાર તાળું મારીને જ એ લોકો નીકળતાં. બંને કાર્યક્રમની વાતો કરતાં હશે. પછી કપડાં બદલી મુકુંદ સૂવા જશે. એની પાછળ જ મંદાબહેન... એક એક પગલું વજનદાર બની ગયું. થાક લાગતો હતો અને થાકનો વિચાર આવ્યો ત્યારે જ એને લાગ્યું કે પેલો રસ્તો એણે કલ્પેલો એટલો સુંદર નહોતો. એ ભયાનક હતો, રહસ્યમય હતો, કાળજું થથરી ઊઠે એટલો બિહામણો અને નિર્જન, ખાસ તો જ્યારે એ રસ્તે આમ એકલાં જ ચાલવાનું હોય ત્યારે. એને થયું આટલું ચાલ્યા છતાં ઘર કેમ નથી આવતું ?

— હિમાંશી શેલત

Downloaded from upsc2ias.com

પ્રશ્નો:

4.1 નાયિકા અને મુકુંદનો સંબંધ વર્ણવો.

4.2 નાયિકાની પ્રેમની વિભાવના શું છે ?

4.3 નાયિકાનો સંઘર્ષ વર્ણવો.

4.4 'એને થયું આટલું ચાલ્યા છતાં ઘર કેમ નથી આવતું ?' – આ વિધાન સમજાવો.

4.5 'ઈતરા' શીર્ષકનો અર્થ શું કરીએ ?

પ્ર.-5. ઈસરોના પ્રમુખશ્રીનું ચંદ્રયાન-2 અને ચંદ્રયાન-3 વચ્ચે રહેલા ભેદની જાણકારી આપતું ઔપચારિક ઉદ્‌બોધન તૈયાર કરો. (આશરે 150 શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-6. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્યના અધિક મુખ્ય સચિવશ્રીનું કિન્નરોના સર્વાંગી વિકાસ માટે ઉપલબ્ધ ભિન્ન સરકારી યોજનાઓની માહિતી આપતું પ્રચાર માધ્યમો માટેનું નિવેદન તૈયાર કરો. (આશરે 150 શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-7. જાહેરખબરો બજારને કેવી રીતે નિયંત્રિત કરે છે એ વિશેનાં અવલોકનો વર્ણવતો પત્ર 'અ બ ક' ને લખો. (આશરે 150 શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-8. કલાનિર્માણની પ્રક્રિયા ટેકનોલૉજીથી કેવી રીતે પ્રભાવિત થઈ રહી છે એ અંગેનું ચર્ચાપત્ર 'ક ખ ગ' દૈનિકપત્રના તંત્રીશ્રીને લખો. (આશરે 150 શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-9. નીચે આપેલ છબિનું વિશ્લેષણ કરી તમારાં રચનાત્મક નિરીક્ષણો વિગતે લખો. (આશરે 150 શબ્દો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS
કુલ ગુણ / TOTAL MARKS: 10



upsc2ias.com

Downloaded from upsc2ias.com

પ્ર.-10. તમે લીધેલી ગુજરાતના પ્રસિધ્ધ ચિત્રવિચિત્ર મેળાની મુલાકાતના અનુભવોને રજૂ કરતો અહેવાલ લખો. (આશરે 150 શબ્દો)

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-11. ગુજરાતી ચલચિત્રોના ઈતિહાસના નોંધપાત્ર સ્થિત્યંતરો વિશે 'ડ' અને 'ટ' રસપ્રદ ચર્ચા કરી રહ્યા છે. એ ચર્ચામાં થયેલા સંવાદને વર્ણવો. (આશરે 150 શબ્દો)

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-12. આપેલ અંગ્રેજી રચનાનો ગુજરાતીમાં અનુવાદ કરો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

***Pomegranate***

**First he gave me**
**his heart. It was**
**red fruit containing**
**many seeds, the skin**
**leathery, unlikely.**
**I preferred**
**to starve, bearing**
**out my training.**
**Then he said Behold**
**how the world looks, minding**
**your mother. I**
**peered under his arm:**
**What had she done**
**with color & odor?**
**Whereupon he said Now there**
**is a woman who loves**
**with a vengeance, adding**
**Consider she is in her element:**
**the trees turning to her, whole**
**villages going under**
**although in hell**
**the bushes are still**
**burning with pomegranates.**
**At which**
**he cut one open & began**
**to suck. When he looked up at last**
**it was to say My dear**
**you are your own**
**woman, finally, but examine**
**this grief your mother**
**parades over our heads**
**remembering**
**that she is one to whom**
**these depths were not offered.**

**– Louise Glück**

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20 |
|---|---|
| | |

પ્ર.-૧૩. સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (10 પ્રશ્નો × 2 ગુણ)

13.1 : રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.

13.1.1 પાંચમી કતારિયો

13.1.2 સરાડે ચડવું

13.2 : કહેવતોનો અર્થ સમજાવો.

13.2.1 મુસાભાઈનાં વા ને પાણી

13.2.2 બધાં પાલખીએ બેસે ત્યારે ઊંચકે કોણ ?

13.3 : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

13.3.1 પ્રત્યક્ષ

13.3.2 સવિનય

13.4 : પંક્તિઓના છંદ ઓળખાવો.

13.4.1 રવિ તેજ ચંદ્રમય શીતળતા, ગુણ ગાય સર્વ જન આપ તણા.

13.4.2 દ્રૌપદી હૃદયમાં બહુ પીડા, પામતી સ્વજન સામું નિહાળે;
રાય, અર્જુન વદે નહીં નાના, ભીમ રોષ મનમાં બહુ પામે.

13.5 : અલંકાર ઓળખાવો.

13.5.1 સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર ?

13.5.2 કરાવ શું નિષ્ફળ જ્ઞાન સર્વ આ ?
થનાર ચીજો નવ થાય અન્યથા.

13.6 : શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

13.6.1 શરીરનો નીચલો ભાગ

13.6.2 ગાડાં ભાડે ફેરવનાર

13.7 : શબ્દોની જોડણી સુધારો.

upsc2ias.com

13.7.1 શૌવિરી

13.7.2 પરીવ્રાજિકા

13.8 : વાક્યોમાં જોડણી, વિરામચિહ્નો અને વાક્યરચનાની ભૂલો સુધારો.

13.8.1 ઈશ્વરકૃષ્ણ : કપિલ દ્વારા પ્રવર્તિત અને આસુરી-પંચશિખ આદિ દ્વારા સંવર્ધિત મુખ્ય સાખ્ય વિચારધારાના પુરસ્કર્તા અને પ્રસિદ્ધ સાખ્યકારિકાના કર્તા.

13.8.2 નવા આવાસની યુકતતા, પ્રસરતા સજીવોની યુકતતા અને આ બે પરિબળોનું પરસ્પર સામિપ્ય.

13.9 : શબ્દોની સંધિ જોડો અને છોડો.

13.9.1 શબ્દની સંધિ જોડો
વિ + સમ

13.9.2 શબ્દની સંધિ છોડો
ચિન્મય

Downloaded from upsc2ias.com

13.10 : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.

13.10.1 અર્થ જાળવીને આશ્ચર્યવાક્યમાં ફેરવો.

નદી ઘણી લાંબી છે.

13.10.2 અર્થ જાળવીને વિધાનવાક્યમાં ફેરવો.

શી કેતકીની ધીરજ !

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

**Subject : ENGLISH**

**Question Paper 2**

**Time : 3 Hours** **Max. Marks : 150**

**Note: Marks of the question are indicated on the right.**

**1.** **Write an essay on any ONE of the following in minimum 250 to maximum 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20

- **I. India has quite efficiently managed its geopolitics.**
- **II. "Happiness is when what you think, what you say, and what you do are in harmony."**
- **III. Students are not just learners but also contributors to the nation's growth and progress**
- **IV. Artificial Intelligence can become the strongest tool for development.**
- **V. "We're running out of time but not out of options to address climate change."**

**2.** **Imagine you are a Mamlatdar in a tribal taluka. Through its various tribal welfare programmes, the Government aims to ensure a high quality social and civil infrastructure and thereby create sustainable employment in tribal areas to increase the income of tribal families. Your senior officer has sought your opinion about how a Public-Private Partnership model can be worked out in the given local conditions to achieve the goal of the Government. Write a letter, in about 150 words, to your senior officer offering needful suggestions.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

**3.** **It has come to the notice of the local administration that the vendors at the vegetable market are using the banned plastic bags. The administration wants to create an awareness among the vendors as well as the customers about its environmental hazards. Draft PUBLIC APPEAL, in about 150 words, creating the needful awareness on the said concern.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

**4.** **Write a report, in about 150 words, on your recent visit to the official State level celebrations of the Republic Day at Junagadh.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15


Downloaded from upsc2ias.com

5. **Reflect on the following picture with meaningful observations in about 150 words.**



મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

6. **Draft an inaugural speech, in about 150 words, to be delivered by the honorable Chief Minister of Gujarat on the occasion of the opening of a new Civil, Cancer & Eye Hospital in North Gujarat.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

7. **Write a precis of the following passage in about one-third of its original length.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

**The mining industry faces extreme and multi-faceted challenges in both security and safety. The key concern of security managers in the mining sector is keeping employees safe, however, they are also tasked with preventing theft of valuable raw materials and equipment, choosing equipment that can work in extreme environmental conditions, maintaining compliance with health, safety and environmental regulations.**

**Mining security faces three main challenges: harsh conditions, large areas and high costs for installing comprehensive solutions. Compared to commercial-use security systems, mine security systems must work in harsh environments. Dust, humidity, fog, low light, heavy water flow, flammable gases and extreme temperature are common. At the depths of mines, the temperatures could reach in excess of 45 degrees Celsius and the environment is constantly moist and humid. The outside climate can also be challenging with freezing temperatures in winter or searing desert heat in summer. Therefore, equipment, like mine cameras, needs to be ruggedized and customized to mining operations. Operators need sealed, waterproof units with vibration dampers, which can function over a wide temperature range. All cables need to be secured in airtight or waterproof material, preventing dust and other particles from damaging them. Explosion-proof devices must be installed with appropriate cable management systems.**

upsc2ias.com


Downloaded from upsc2ias.com

Employee safety is the primary concern in the harsh working environments in mines, and verifying authorized personnel is the first step in accomplishing this. Access control at mines should only admit personnel who passed safety inductions, medical checks and training. Added features include license renewal and expiry notifications. Management is increasingly aware of the cost related to worker safety failures, loss of lives and loss of material and equipment. Other than passing government regulations, increasing the level of security and safety could save money, increase productivity, reduce losses in infrastructure and cut production downtime.

8. Read the following passage carefully and answer questions that follow: (5 × 3 = 15)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

The Indian Textile Industry represents a rich and diverse spectrum of activities with the hand-woven sector on one end and the capital-intensive mill sector on the other. The spectrum includes activities in the decentralized power looms, hosiery and knitting sectors, the handicrafts segments and also covers a wide range of fibers which include man-made fiber, cotton, silk, jute and wool. The Indian textile sector is exclusive in comparison to that of other countries owing to the close linkage of the industry to agriculture and also due to linkage with the culture and traditions of the country.

This industry is basically dependent on the raw materials produced from agriculture. India is the largest producer of jute in the world. India is the second largest producer of textile in the world and is the third largest producer of cotton and also the largest consumer of cotton consumption after US and China. It provides the highest employment after the agriculture sector. In the world's leading exporters, the Indian textile sector has made a unique identity. But its unorganized structure allows it to push something backward at the technological level, mainly due to the inadequate finance capital. The sector providing employment to the people at a very large level is facing the challenges of inclusive growth. The workers of the unorganized units get less wage as compared to other sectors. It makes such people not only socially unsecured but also deprived of basic medical health and education facilities.

Questions:

I. Why Indian Textile Industry is referred as having rich and diverse spectrum of activities?

II. What makes Indian textile sector exclusive?

III. How has the Indian textile sector established its unique identity among the world's leading exporters?

IV. What is the cause of concern in the Indian textile sector?

V. Give a suitable title to the passage.

upsc2ias.com


Downloaded from upsc2ias.com

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20 |
|---|---|
| | |

9. Do as directed: (20 × 1 = 20)

Choose the correct answer from the given options and darken the circle ( ● ) as well as write the correct answer in the bracket (CAPITAL LETTER) as per the sample given below:

Sample Ans.: ( C ) (A) ○ (B) ○ (C) ● (D) ○ (E) ○

1. When the accused entered the courtroom, his relatives ________ him because he ________ hair and a beard. He looked totally different.
   (A) didn't recognized / had grown
   (B) hadn't recognized / grew
   (C) didn't recognize / had grown
   (D) didn't recognized / had been growing
   (E) hadn't recognized / was growing

2. He invited me to dinner. But it _____ two years since I _____ to his house. So, I lost my way.
   (A) was / have gone
   (B) was / had gone
   (C) is / went
   (D) has been / went
   (E) is / have been

3. The swimmer ________ to be in difficulty, but he ________ to reach the shore in the end.
   (A) seemed / has managed
   (B) seems / manages
   (C) has seemed /had managed
   (D) was to seem / had managed
   (E) seemed / managed

4. She likes experimenting with different cuisines. *(Change the voice)*
   (A) Different cuisines are being experimented with by her.
   (B) Experimenting with different cuisines has been liked by her.
   (C) Different cuisines likes experimenting with by her.
   (D) Experimenting with different cuisines is liked by her.
   (E) Different cuisines are having been liked with by her by experimenting.

5. Whom did you laugh at? *(Change the voice)*
   (A) Who was laughed at by you?
   (B) You were laughed at by whom?
   (C) You were laughed.
   (D) Did you laugh at who?
   (E) Whom were you laughed at by?

upsc2ias.com


Downloaded from upsc2ias.com

6. She said, "It took me two years to reduce the excess weight." *(Change the narration)*

(A) She said that it has taken two years to reduce the excess weight

(B) She said that it had taken her two years to reduce the excess weight.

(C) She said that it takes two years to reduce the excess weight.

(D) She said that it would take her two years to reduce the excess weight.

(E) She said that it had already taken two years to reduce the excess weight.

7. The girl wondered where the puppies had gone. *(Change the narration)*

(A) The girl said, "Oh! Where had the puppies gone?"

(B) The girl said, "Oh! Where have the puppies gone?"

(C) The girl said, "Oh! Where the puppies have gone?"

(D) The girl said, "Oh! Where are the puppies?"

(E) The girl said, "Oh! The puppies had gone?"

8. I failed to notice the broken window. *(Transform the sentence into a negative sentence without changing its meaning)*

(A) I did not fail to notice the broken window.

(B) I did not notice the broken window.

(C) I did not failed to notice the broken window.

(D) I successfully noticed the broken window.

(E) I did successfully noticed the broken window.

9. He is ___ LLB student and is aiming to become ___ judge.

(A) an, a

(B) a, the

(C) the, a

(D) the, the

(E) None of the above.

upsc2ias.com

10. All the students took the quiz, but only ______ could solve it.

(A) few

(B) a few

(C) little

(D) the little

(E) many


Downloaded from upsc2ias.com

11. It is due to her lethargy that the plan fell____.
(A) through
(B) out
(C) away
(D) in
(E) of

12. A preface ___________ a book introduces the book.
(A) by
(B) to
(C) of
(D) over
(E) around

13. He has built a big business empire through his <u>sharp practices</u>. (Choose the correct meaning of the underlined expression)
(A) Sharp intelligence
(B) Keen business skills
(C) Extreme hard work
(D) Sheer dedication
(E) Dishonest dealings

14. The meaning of <u>*antecedent*</u> is ________.
(A) Medicine dose given to counteract effect of poison
(B) Dose of vaccine
(C) Unexpected happening or event
(D) Due diligence
(E) Someone or something existing or happening before

15. Choose the synonym of 'vehement'.
(A) Forceful
(B) Thorough
(C) Accessories
(D) Infection
(E) Mode of transport

16. Choose the correct antonym of 'turpitude'.
(A) Solitude
(B) Atmospheric disturbance
(C) Virtue
(D) Altitude
(E) Excess heat

upsc2ias.com


Downloaded from upsc2ias.com

17. Choose the one-word substitution for *'words inscribed on Tombs'.*

(A) Epistle

(B) Epitome

(C) Epitaph

(D) Epilogue

(E) Epitime

18. The old man walked carefully with his heavy load____ he should fall

(A) even though

(B) although

(C) lest

(D) unless

(E) until

19. The lawyer dismissed his clerk because he was __________ polite to his clients. (Select the correct prefix)

(A) un

(B) dis

(C) mis

(D) im

(E) a

20. The king died ___________.

(A) hierless

(B) heirless

(C) heriless

(D) hereless

(E) hareless

upsc2ias.com


Downloaded from upsc2ias.com

10. **Translate the following passage from Gujarati into English.**

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

જીવનમાં જે નક્કી કર્યું છે તે કરવા માટે આત્મવિશ્વાસ સૌથી વધુ જરૂરી છે. સ્વામી વિવેકાનંદ ઈશ્વરમાં વિશ્વાસ કરવા કરતાં પોતાનામાં વિશ્વાસ વ્યકત કરવાનું જણાવે છે. “પહેલાં કહેવાતું હતું કે, ઈશ્વરમાં વિશ્વાસ નહિ કરવાવાળો નાસ્તિક છે. હું કહું છું કે, જેને પોતાનામાં વિશ્વાસ નથી એ નાસ્તિક છે.” આપણે આપણી શકિતઓની પરીક્ષા કર્યા વગર જ તેને મર્યાદિત કરી દીધી છે. આપણે એમ માનીને ચાલીએ છીએ કે આપણે આટલું જ કરી શકીએ, જયારે આપણી શકિતઓ અમર્યાદ છે. જો યુવાનો દ્રઢ નિર્ધાર કરે તો તેમના માટે શું અશક્ય છે ? આપણે સામાન્ય વ્યકિતઓની અસામાન્ય સિદ્ધિઓથી આશ્ચર્યચકિત પણ થઈ જઈએ છીએ અને તેમનાં વખાણ પણ કરીએ છીએ, પરંતુ શું આપણે એમનામાંથી પ્રેરણા મેળવીએ છીએ ? શું આપણી ભીતર આ આત્મવિશ્વાસ પેદા થાય છે કે આપણે પણ આવું કંઈક કરી શકીએ ? સ્વામીજી આપણને એ પ્રેરણા પૂરી પાડે છે કે જીવનમાં આપણી આજુબાજુ બનવાવાળી નાની-મોટી, સકારાત્મક-નકારાત્મક બધીજ ઘટનાઓ આપણને આપણી અમર્યાદ શકિતને પ્રકટ કરવાની તક પૂરી પાડે છે.

upsc2ias.com


Downloaded from upsc2ias.com

# વિષય કોડ / Subject Code : BGS-3

## પેપર-3 : નિબંધ (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)
## Paper-3 : Essay (Main Exam-Descriptive)

કુલ ગુણ : 150 | માધ્યમ : ગુજરાતી / અંગ્રેજી | સમય : 3 કલાક

Total Marks : 150 | Medium : Gujarati / English | Time : 3 Hours

સૂચનાઓ / Instructions :

- આ પ્રશ્નપત્રમાં ત્રણ વિભાગ છે.
  This question paper has three sections.
- દરેક વિભાગના 50 ગુણ છે.
  Each section carries 50 marks
- દરેક વિભાગમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.
  Write an essay on any one topic from each section.
- નિબંધ વધુમાં વધુ આઠસો (800) શબ્દોમાં લખો.
  Write an essay in a maximum of eight hundred (800) words.

## વિભાગ (A) / Section (A)

1. પ્રેમની મારી વિભાવના
   My concept of Love
2. સ્ત્રી, જન્મતી નથી પણ બનતી જાય છે.
   One is not born a woman, but becomes one.
3. વ્યક્તિ મનુષ્યત્વ કેવી રીતે પ્રાપ્ત કરી શકે ?
   How a person can attain humanity ?

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 50 |

upsc2ias.com

## વિભાગ (B) / Section (B)

1. સાંપ્રત વૈશ્વિક રાજકારણનાં નૈતિક મૂલ્યો
   The ethical values of contemporary global politics
2. 21મી સદીમાં મનુષ્ય સામે ઊભા થયેલાં શારીરિક સ્વાસ્થ્ય સંબંધિત પડકારો
   Physical health related challenges facing human being in the 21st century
3. વર્ષ 2050ને ધ્યાનમાં રાખીને મધ્યમવર્ગીય ભારતીય પરિવારની રોકાણ વિષયક નીતિઓ
   Investment policies of an Indian middle class family keeping in view year 2050

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 50 |

Downloaded from upsc2ias.com

## વિભાગ (C) / Section (C)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 50 |

1. સંઘર્ષ એટલે શું ?
   **What is a conflict ?**

2. તમારા માટે ઈ.સ. 1947 પછી, દેશની કઈ સૌથી મહત્ત્વની ત્રણ ઘટનાઓના પ્રભાવ હેઠળ આજના ભારતનું નિર્માણ થયું ?
   **After 1947 A.D., according to your opinion, which three most important events of the country have influenced the emergence of today's India ?**

3. કલાનુભવથી કેથાર્સિસ (વિરેચન) થાય છે.
   **The experience of Art leads to Catharsis.**

upsc2ias.com

Downloaded from upsc2ias.com

વિષય કોડ / Subject Code : BGS-4

પેપર-4 : સામાન્ય અભ્યાસ-1 (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)

Paper-4 : General Studies-1 (Main Exam-Descriptive)

કુલ ગુણ : 150 સમય : 3 કલાક

Total Marks : 150 Time : 3 Hours

સૂચના :

1. પ્રશ્નક્રમાંક 1 થી 15
1. Question No. 1 to 15
2. બધા જ 15 પ્રશ્નોના જવાબ લખવાના છે.
2. Attempt all 15 questions.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
3. Each question carries 10 marks
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
4. Answer should be given approximately in 200 words.

પ્ર.-1. વિજયનગર સામ્રાજ્યની સાંસ્કૃતિક અને કલાત્મક સિદ્ધિઓનું વર્ણન કરો.

Q.-1. Assess the cultural and artistic achievements of the Vijayanagar empire.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-2. ચોલા શાસકો શક્તિશાળી વિજેતાઓ, કાર્યક્ષમ વહીવટકર્તાઓ અને સુંદર મંદિરોના નિર્માતા હતા. – ટિપ્પણી કરો.

Q.-2. The Chola rulers were mighty conquerors, efficient administrators and builders of fine temples. – Comment.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-3. પ્લાસીની લડાઈએ ભારતમાં અંગ્રેજી ઈસ્ટ ઈન્ડિયા કંપનીની રાજકીય સર્વોપરિતાની શરૂઆત કરી. – ચર્ચા કરો.

Q.-3. The Battle of Plassey marked the beginning of political supremacy of English East India Co. in India. – Discuss.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-4. સ્વતંત્ર સંગ્રામમાં, ખાસ કરીને ગાંધીયુગ દરમિયાન મહિલાઓની ભૂમિકાની ચર્ચા કરો.

Q.-4. Discuss the role of women in the freedom struggle especially during the Gandhian era.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-5. ભારતીય રજવાડાઓના એકીકરણની પ્રક્રિયામાં મુખ્ય વહીવટી મુદ્દાઓ અને સામાજિક-સાંસ્કૃતિક સમસ્યાઓનું મૂલ્યાંકન કરો.

Q.-5. Assess the main administrative issues and socio-cultural problems in the integration process of Indian Princely States.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | | |
|---|---|---|
| પ્ર.-6. | ભારતમાં કરવામાં આવતી માટી અને માટીકામ/કુંભારકામની કેટલીક શૈલી સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-6. | Explain some of the clay and pottery work style performed in India. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-7. | ભારતના કોઈપણ બે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સ્થળોની વિશેષતાઓ સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-7. | Explain the characteristics of any two UNESCO World Heritage Sites in India. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-8. | ગુજરાતી ભાષાનું સાહિત્ય ઘણું સમૃધ્ધ છે. ઉદાહરણ સાથે સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-8. | The literature of Gujarati language is very rich. Explain with example. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-9. | ઉત્તર-પૂર્વ ભારતના કોઈપણ બે મહત્વપૂર્ણ તહેવારો સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-9. | Explain any two important festivals of North-East India. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-10. | ભારતીય પૌરાણિક કથા, કલા અને સ્થાપત્યમાં સિંહ અને બળદની આકૃતિના મહત્વની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-10. | Discuss the significance of the lion and bull figures in Indian mythology, art and architecture. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-11. | 'ભારતના વ્યૂહાત્મક આયોજન માટે ભૌગોલિક/વસ્તી વિષયક માહિતી ખૂબ જ મહત્વપૂર્ણ છે.' – વાક્યનું મૂલ્યાંકન કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-11. | 'Geographical/demographic information is very important for strategic planning of India.'– Evaluate the sentence. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-12. | નદીઓને એકબીજા સાથે જોડવાથી ભારતમાં ખાતરીપૂર્વકની સિંચાઈ અને તમામ હવામાનમાં આંતરદેશીય નેવિગેશનનો મુખ્ય સ્ત્રોત બની શકે છે. – મૂલ્યાંકન કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-12. | Interlinking of rivers may serve as major source of assured irrigation and all-weather inland navigation in India. – Evaluate. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-13. | વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો અર્થ સમજાવો ? ભારતમાં આબોહવાને પ્રભાવિત કરવામાં તેની ભૂમિકાની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-13. | What do you understand by western disturbances ? Discuss its role in influencing climate in India. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | |
|---|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્ર.-14. COP28ના પરિણામ અને ભારત દ્વારા તેમાં ભજવવામાં આવેલી ભૂમિકાની ચર્ચા કરો.

Q.-14. **Discuss the outcome of COP28 and the role played by India in it.**

| | |
|---|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્ર.-15. "ભારતમાં ગરમીનો (Hot waves) સમયગાળો વધુ લાંબો અને વધુ સઘન બનવાની અપેક્ષા છે." – વિગતવાર સમજાવો.

Q.-15. **"Hot waves are expected to become longer and more intensive in India." – Explain in detail.**

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષય કોડ / Subject Code : BGS-5

## પેપર-5 : સામાન્ય અભ્યાસ-2 (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)

## Paper-5 : General Studies-2 (Main Exam – Descriptive)

કુલ ગુણ : 150 સમય : 3 કલાક

Total Marks : 150 Time : 3 Hours

સૂચના :
1. પ્રશ્નક્રમાંક 1 થી 15
1. Question No. 1 to 15
2. બધા જ 15 પ્રશ્નોના જવાબ લખવાના છે.
2. Attempt all 15 questions.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
3. Each question carries 10 marks
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
4. Answer should be given approximately in 200 words.

પ્ર.-1. બંધારણીય સર્વોપરિતા અથવા સંસદીય સાર્વભૌમત્વમાંથી કોની સર્વોપરિતા છે ? તમારા જવાબને યોગ્ય ઠેરવો.

Q.-1. Which one is having the Supremacy – Constitutional Supremacy or Parliamentary Sovereignty ? Justify your answer.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-2. બંધારણીય લોકશાહી સત્તાના વિભાજનના સિધ્ધાંત પર આધારીત છે. ખુલાસાવાર સમજાવો.

Q.-2. Constitutional Democracy is based on the principle of separation of power. Elucidate.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-3. જાહેર હિતની અરજી શું છે ? કયા પ્રકારની અપીલ જાહેર હિતની અરજીના માળખામાં આવતી નથી ? તમારા જવાબને યોગ્ય ઠેરવવા ઉદાહરણો આપો.

Q.-3. What is Public Interest Litigation ? Which type of appeals do not fall within the framework of Public Interest Litigation ? Give examples to justify your answer.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-4. કેશવાનંદ ભારતી કેસમાં સર્વોચ્ચ અદાલતના સીમાચિહ્નરૂપ ચૂકાદાની અસર અને પરિણામોની વિવેચનાત્મક રીતે તપાસ કરો.

Q.-4. Critically examine the impact and consequences of the Supreme Court's landmark judgement in Keshvananda Bharati's case.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-5. "સ્વતંત્ર પૂર્વેનાં ભારતના વહિવટમાં, બ્રિટીશ વહિવટી તંત્રે મૌર્ય સામ્રાજ્ય અને મુઘલ શાસનની વહિવટી વિશેષતાઓને અનૂકુલીત કરી અને તેને વ્યાજબી બનાવી." – ચર્ચા કરો.

Q.-5. "The British administration adapted and legitimized the administrative features of the Mauryan Empire and The Mughal Rule in administering Pre-Independent India." – Discuss.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | | |
|---|---|---|
| પ્ર.-6. | શું સામાજીક ઓડીટે પ્રતિભાવશીલ, જવાબદાર અને નૈતિક શાસન પ્રક્રિયા માટે માર્ગ મોકળો કર્યો છે ? – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-6. | **Has social audit paved way for a responsive, accountable and ethical governance process ? – Discuss.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-7. | નૈતિક મનોવિજ્ઞાન અને માનવ વર્તન એકબીજા પર આધારિત છે. – ઉદાહરણ સહ ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-7. | **Moral psychology and human behavior are interdependent. – Discuss with example.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-8. | વૈશ્વિકરણના યુગમાં જાહેર વહિવટના કાર્યક્ષેત્રની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-8. | **Discuss the scope of Public Administration in the era of Globalization.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-9. | શું સંસદ અને રાજ્ય વિધાનસભાને ઉપલબ્ધ વિશેષાધિકારો સાર્વભૌમત્વની વિભાવનાને નબળી પાડે છે ? વિવેચનાત્મક રીતે તપાસો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-9. | **Do the privileges available to Parliament and State legislature undermine the concept of sovereignty ? Critically examine.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-10. | શું તમને લાગે છે કે ભાવનાત્મક બુધ્ધિમત્તા સુશાસનમાં મદદકર્તા છે ? – ઉદાહરણ સહિત સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-10. | **Do you think that Emotional Intelligence helps in Good Governance ? – Explain with examples.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-11. | નૈતિકતાને ઉદાહરણ સહ વ્યાખ્યાયિત કરો અને સમજાવો કે તે માન્યતાઓથી કેવી રીતે અલગ છે ? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-11. | **Define Ethics with illustration and explain how it is different from beliefs ?** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-12. | સ્પર્ધાત્મક બજાર અર્થવ્યવસ્થામાં શૈક્ષણિક સંસ્થાઓ કઈ નૈતિકતા અને મૂલ્યો ઉપલબ્ધ કરાવી શકે છે ? | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-12. | **What morals and values can educational institutions impart to individuals in a competitive market economy?** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-13. | 'વહિવટનો વિકાસ', 'વિકાસ માટેના વહિવટ'થી કેવી રીતે અલગ પડે છે તે સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-13. | **Explain how 'development of administration' is different from 'administration for development'.** | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

પ્ર.-14. વિકાસની પ્રક્રિયામાં, સરકાર ઉપરાંત નાગરીક સમાજની સંસ્થાઓ અને એન.જી.ઓ. પણ હિસ્સેદાર બન્યા છે. આ ઘટનાક્રમને સ્પષ્ટ કરો.

**Q.-14. In the development process; besides the government, civil society organizations and NGO have also become stakeholders. Elucidate this phenomenon.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-15. લોકપાલ અને લોક આયુક્તના કાર્યાલયના મુખ્ય ઉદ્દેશ્યોની તપાસ કરો. શું તમને લાગે છે કે તેઓ જે હેતુ માટે બનાવવામાં આવ્યા છે તે હેતુઓ સિધ્ધ થયા છે ? – ઉદાહરણ સહિત ચર્ચા કરો.

**Q.-15. Examine the main objectives of creating the office of the Lokpal and Lokayukta. Do you think that the purpose for which they have been created is achieved ? – Discuss with example.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com

# વિષય કોડ / Subject Code : BGS-6

## પેપર-6 : સામાન્ય અભ્યાસ-3 (મુખ્ય પરીક્ષા - વર્ણનાત્મક)

## Paper-6 : General Studies-3 (Main Exam-Descriptive)

કુલ ગુણ : 150 સમય : 3 કલાક

Total Marks : 150 Time : 3 Hours

સૂચના :
1. પ્રશ્નક્રમાંક 1 થી 15
1. Question No. 1 to 15
2. બધા જ 15 પ્રશ્નોના જવાબ લખવાના છે.
2. Attempt all 15 questions.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
3. Each question carries 10 marks
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
4. Answer should be given approximately in 200 words.

પ્ર.-1. વૈશ્વિકીકરણ એ વિશ્વના વિવિધ લોકો, પ્રદેશો અને દેશો વચ્ચે વધતી જતી પરસ્પર નિર્ભરતાનો ઉલ્લેખ કરે છે. – સમજાવો.

Q.-1. Globalisation refers to the growing interdependence between different people, regions and countries in the world. – Explain

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-2. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ સરકારી ડિલિવરી સિસ્ટમમાં સુધારાની દિશામાં એક સારું પગલું છે. – ચર્ચા કરો.

Q.-2. The Direct Benefit Transfer Scheme is a good step towards reforming the government delivery system. – Discuss.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-3. મિલેટનું (millets) ઉત્પાદન આરોગ્ય, કૃષિ (agricultural) અને પોષક (nutritional) લાભો આપે છે. – ચર્ચા કરો.

Q.-3. Millets production comes with a lot of health, agricultural and nutritional benefits. – Discuss.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-4. વૈશ્વિક ઈનોવેશન ઈન્ડેક્સ, વૈશ્વિક સ્પર્ધાત્મકતા સૂચકાંક, વૈશ્વિક સર્જનાત્મકતા સૂચકાંક અને વૈશ્વિક જાતિ તફાવતનો અહેવાલ (Global Gender Gap Report) વિગતવાર સમજાવો. - (કોઈપણ બે)

Q.-4. Explain Global Innovation Index, Global Competitiveness Index, Global Creativity Index and the Global Gender Gap Report in detail. (Any Two)

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | | |
|---|---|---|
| પ્ર.-5. | શ્યામા પ્રસાદ મુખરજી રૂર્બન મિશન એ સરકારના વિવિધ વિભાગોના ગ્રામીણ વિકાસ પ્રયાસોને એકીકૃત કરવાનો, ક્લસ્ટર અભિગમ છે. ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-5. | Shyama Prasad Mukherji Rurban Mission is a cluster approach of covering rural development efforts of different departments of Government. – Discuss. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-6. | કૃષિમાં નેનો ટેકનોલોજીનો ઉપયોગ કૃષિ ઉદ્યોગનું ભવિષ્ય બદલી શકે છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-6. | Use of nanotechnology in agriculture can change the future of Agriculture industry. – Discuss. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-7. | ભારતની સામાજિક-આર્થિક જરૂરિયાતોને પહોંચીવળવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-7. | Discuss how Artificial Intelligence can be used to meet India's socio-economic needs. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-8. | ભારતને વૈશ્વિક અવકાશ શક્તિ બનાવવામાં ISROની ભૂમિકા દોષરહિત રહી છે. નવા અવકાશ યુગમાં હજુ પણ ISRO માટે ઘણા પડકારો અને તકો છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-8. | ISRO's role has been impeccable in making India a global space power. Still there are many challenges and opportunities for ISRO in the new space age. – Discuss. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-9. | 30*30 (30 by 30) પહેલ શું છે અને જૈવવિવિધતા સંરક્ષણ અને આબોહવા પરિવર્તન શમન માટે તેની અસરો શું છે ? આ લક્ષ્યાંક હાંસલ કરવામાં ભારત માટેના પડકારો અને તકોની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-9. | What is the 30*30 (30 by 30) initiative and what are its implications for biodiversity conservation and climate change mitigation ? Discuss the challenges and opportunities for India in achieving this target. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-10. | માનવ-વન્યપ્રાણી સંઘર્ષની વધતી ઘટનાઓના કારણો તપાસો. આધુનિક યુગની આ સમસ્યાનો સામનો કરવા માટે કેટલાક સંભવિત ઉપાયો સૂચવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-10. | Examine the reasons for rising incidents of human-wildlife conflict. Suggest some possible measures to tackle this problem of modern age. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-11. | આધુનિક ભારતીય મહિલાઓ : નવા ભારતની પરિવર્તનકર્તા છે, નવા પડકારોનું નિરાકરણ કરનાર છે અને નવા સંશોધનાત્મક પગલાં લેનાર છે. – સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-11. | Modern Indian Women : Change makers of new India, a solver of new challenges and takers of new innovative measures. – Explain. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-12. | PM વિશ્વકર્મા, કેન્દ્રીય ક્ષેત્રની નવી યોજના "આજના કારીગરો, આવતીકાલના ઉદ્યમી" એ એક નવી આશા છે. – યોજનાનું મૂલ્યાંકન કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| Q.-12. | PM Vishwakarma, a new Central Sector Scheme "Today's Artisans, Tomorrow's Entrepreneurs" is a new hope. – Evaluate the scheme. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

| | | | |
|---|---|---|---|
| પ્ર.-13. | "ભારતને કચરા-મુક્ત બનાવવા, સ્વચ્છતા એ જ સેવા અભિયાન" સારા સમાજ માટે જરૂરી છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| Q.-13. | "Making India Garbage-free, Swachhata Hi Seva Campaign" is must for better society. – Discuss. | કુલ ગુણ / TOTAL MARKS: 10 | |
| પ્ર.-14. | વાઈબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સમિટ - નવા આર્થિક વિકાસ માટેનો માર્ગ નકશો (roadmap) છે. ઉદાહરણો સાથે સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| Q.-14. | Vibrant Gujarat Global Summit - a roadmap for new economic development. – Explain with examples. | કુલ ગુણ / TOTAL MARKS: 10 | |
| પ્ર.-15. | વિકસીત ભારત સંકલ્પ યાત્રા બધા માટે સર્વસમાવેશક વિકાસ માટે એક નવો ખ્યાલ છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| Q.-15. | Viksit Bharat Sankalp Yatra is a new concept for inclusive growth for all. – Discuss. | કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

upsc2ias.com

Downloaded from upsc2ias.com

upsc2ias.com

Downloaded from upsc2ias.com